સત્યમેવ જયતે

આંક–૬૬

**<u>:: નમુના – અ ::</u>**

## વંથલીના એડી. ચીફ જ્યુડીશ્યલ મેજી. જજ સાહેબની કોર્ટમા, મુ. વંથલી.

## રજુ :– શ્રી એલ. આઇ. ઇંગલે

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | **૩૦/૦૫/૨૦૨૬** |
| ફોજદારી કેસ નંબર | **૭૪/૨૦૨૧** |

## :: ગુનાની વિગત ::

| | |
|---|---|
| ગુનાની કલમ | ઇ. પી. કો. કલમ–૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૪૭, ૧૧૪ તથા જી.પી.એ. કલમ–૧૩૫ મુજબ. |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | ૧૧૨૦૩૦૬૮૨૦૦૭૫૩/૨૦૨૦ |
| પોલીસ સ્ટેશન | વંથલી. |
| ફરીયાદ પક્ષ | સરકારી શ્રી /મુળ ફરીયાદી –<br>હરસુખભાઇ દેવજીભાઇ કાચા |
| રજુઆત | વિ. એ. પી. પી. શ્રી કે. બી. ટાંક |
| બચાવ પક્ષ ૦૧ | લખમણભાઇ ઉર્ફે ગગુભાઇ કાનાભાઇ ભારાઇ<br>ઉ.વ.આ.૪૫, ધંધો–ખેતી, |
| ૦૨ | ખીમભાઇ કાનાભાઇ ભારાઇ<br>ઉ.વ.૪૦, ધંધો–ખેતી, |
| ૦૩ | રવી ઉર્ફે રાજુ લખમણભાઇ ઉર્ફે ગગુભાઇ ભારાઇ<br>ઉ.વ.૧૯, ધંધો–ખેતી<br>રહે. તમામ બોડકા, તા.વંથલી. |
| રજુઆત | વિ. વ. શ્રી ડી. એચ. ભટ્ટી. |

## :: નમુના – બ ::

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૩૧/૧૦/૨૦૨૦ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૦૨/૧૧/૨૦૨૦ |
| આખરી અહેવાલની તારીખ | ૧૮/૦૧/૨૦૨૧ |
| તહોમતનામાની તારીખ | ૦૩/૦૭/૨૦૨૧ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૫/૧૧/૨૦૨૨ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૮/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૩૦/૦૫/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | –– |

## :: આરોપીની વિગત ::

| આરોપી નો અનુક્રમ | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારખી | તહોમત | શું નિર્દોષ છોડયા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો. કા. સંહીતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | લખમણભાઇ ઉર્ફે ગગુભાઇ કાનાભાઇ ભારાઇ | ૦૪/૧૧/૨૦૨૦ | ૦૫/૧૧/૨૦૨૦ | ઉપર મુજબ | | –– | ૦૪/૧૧/૨૦૨૦ થી ૦૫/૧૧/૨૦૨૦ |
| ૨ | ખીમભાઇ કાનાભાઇ ભારાઇ | ૦૪/૧૧/૨૦૨૦ | ૦૫/૧૧/૨૦૨૦ | ઉપર મુજબ | | –– | ૦૪/૧૧/૨૦૨૦ થી ૦૫/૧૧/૨૦૨૦ |
| ૩ | રવી ઉર્ફે રાજુ લખમણભાઇ ઉર્ફે ગગુભાઇ ભારાઇ | ૦૪/૧૧/૨૦૨૦ | ૦૫/૧૧/૨૦૨૦ | ઉપર મુજબ | | –– | ૦૪/૧૧/૨૦૨૦ થી ૦૫/૧૧/૨૦૨૦ |

## :: નમુનો ક ::

ફરીયાદી / બચાવ /ન્યાયાલયના સાક્ષીની યાદી
અ. ફરીયાદ પક્ષના સાક્ષી

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ. સા. ૧(આંક–૨૩) | હરસુખભાઇ દેવજીભાઇ કાચા | ફરીયાદી |

| | | |
|---|---|---|
| ફ. સા. ૨(આંક–૨૯) | જેસીંગભાઇ દાનાભાઇ મકવાણા | પંચ |
| ફ. સા. ૩(આંક–૩૪) | જેન્તીભાઇ પાલાભાઇ મકવાણા | પંચ |
| ફ. સા. ૪(આંક–૪૧) | યાઙ્ગીકભાઇ હરસુખભાઇ કાચા | સાહેદ |
| ફ. સા. ૫(આંક–૪૮) | હાર્દિકભાઇ હરસુખભાઇ કાચા | સાહેદ |
| ફ. સા. ૬(આંક–૫૦) | વિજયભાઇ ભનુભાઇ ભારાઇ | પંચ |
| ફ. સા. ૭(આંક–૫૨) | ગોરધનભાઇ મોહનભાઇ જાદવ | પંચ |
| ફ. સા. ૮(આંક–૫૩) | તુષારભાઇ ગોકળભાઇ જેઠવા | ડોકટર |
| ફ. સા. ૯(આંક–૫૮) | પંકજભાઇ મનસુખભાઇ કાચા | સાહેદ |
| ફ. સા. ૧૦(આંક–૫૯) | ઈશાકભાઇ સુલેમાનભાઇ હાલેપોત્રા | સાહેદ |
| ફ. સા. ૧૧(આંક–૫૯) | શૈલેષભાઇ દિપકભાઇ સોંદરવા | ત.ક.અ. |

બ. બચાવ પક્ષના સાક્ષી

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| | | |

ક. ન્યાયલયના સાક્ષી

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા. સા. ૧ | | |

ફરીયાદી / બચાવ /ન્યાયલયના આંકની યાદી
અ. ફરીયાદ પક્ષ

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ (ફ.સા.૦૧) | ૨૪ | ફરીયાદ. |
| ૨ (ફ.સા.૦૨) | ૩૦ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ૩ (ફ.સા.૦૬) | ૫૧ | અટક તથા મુદામાલ કબજે કર્યાનું પંચનામું. |
| ૩ (ફ.સા.૦૮) | ૫૪ | હરસુખભાઇની ઈજાનું સર્ટી. |
| ૪ (ફ.સા.૦૮) | ૫૫ | યાઙ્ગીકભાઇની ઈજાનું સર્ટી. |
| ૫ (ફ.સા.૦૮) | ૫૬ | હાર્દિકભાઇની ઈજાનું સર્ટી. |
| ૬ (ફ.સા.૦૮) | ૫૭ | ડી. ઓ. નં.૬૧૨/૨૦. |

| | | |
|---|---|---|
| ૭ (ફ.સા.૧૧) | ૬૦ | હથીયાર બંધી જાહેરનામું. |

બ. બચાવ પક્ષ

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| | | |

ક. ન્યાયલય આંક

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| | | |

ડ. ભૌતીક પદાર્થ :-

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| | | |

## -:: ચુકાદો ::-

**(૦૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીઓએ તા.૩૧/૧૦/૨૦૨૦ નાં કલાક ૦૯/૩૦ વાગ્યા દરમ્યાન થાણાપીપળી ગામની સીમમાં વસપડા ગામના સીમાડે આરોપી નં.૦૩ નાએ ભાગ્યુ રાખેલ ખેતરમાં ઢોર ચરાવતો હતો અને તેના ઢોર ફરીયાદીના ખેતરમાં આવતા ફરીયાદીના દિકરા ચાફ્રીકે પોતાના મોબાઈલમાં તેના ફોટા પાડતા આરોપી નં.૦૩ નાઓ જોઈ જતા ફરીયાદીના દિકરા ચાફ્રીકને ઢીકાપાટનો માર મારેલ અને થોડીવારમાં આરોપીઓ તથા અન્ય કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક ફરીયાદીના ખેતરમાં ગેરકાયદેસર અપ્રવેશ કરી ફરીયાદી તથા તેના બન્ને દિકરાઓને ભુંડી ગાળો કાઢી કુહાડીની મુદરાટ તથા પાવડાનાં હાથા તથા લાકડીઓ વતી શરીરે મુંઢ ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી

એકબીજાને મદદગારી કરી મે. જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરેલ.

**(૦૨)** વંથલી પોલીસ સ્ટેશન ગુ. રજી. નં.૧૧૨૦૩૦૬૮૨૦૦૭૫૩/૨૦૨૦ ગુન્હાની તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ ઇ. પી. કો. કલમ–૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૪૭, ૧૧૪ તથા જી.પી.એ. કલમ–૧૩૫ મુજબના ગુન્હાનું ચાર્જશીટ કરવામાં આવેલું.

**(૦૩)** આ કામે આરોપીઓને ધોરણસર સમન્સની બજવણી થતાં તેમના વિ. વ. શ્રી મારફતે કોર્ટ સમક્ષ હાજર થતાં ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ.

**(૦૪)** ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ આંક–૦૮ થી તહોમતનામું ફરમાવી આંક–૦૯ થી આંક–૧૧ સુધી પ્લી નોંધતા, તેઓએ ફરીયાદ પક્ષનાં કેસનો ઈન્કાર કરી ગુન્હો કબુલ નથી તેમ જણાવતાં ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૦૫)** ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફથી ઉપરોકત પુરાવો રજુ કર્યા બાદ વધુ કોઈ સાહેદોને તપાસવામાં આવેલ નથી અને ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીનું સી. આર. પી. સી. કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધતા આરોપીએ તેના પર ખોટો કેસ કરેલ છે તેમ જણાવેલ છે અને બાદ દલીલો સાંભળી કામ આખરી નિર્ણય માટે મુલત્વી રાખવામાં આવેલ.

**(૦૬)** આ કામે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, આ કામના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્ધા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ તા.૩૧/૧૦/૨૦૨૦ નાં કલાક ૦૯/૩૦ વાગ્યા દરમ્યાન થાણાપીપળી ગામની સીમમાં વસપડા ગામના સીમાડે આરોપી નં.૦૩ નાએ ભાગ્યુ રાખેલ ખેતરમાં ઢોર ચરાવતો હતો અને તેના ઢોર ફરીયાદીના ખેતરમાં આવતા ફરીયાદીના દિકરા યાજ્ઞીકે પોતાના મોબાઈલમાં તેના ફોટા પાડતા આરોપી નં.૦૩ નાઓ જોઈ જતા ફરીયાદીના દિકરા યાજ્ઞીકને ઢીકાપાટનો માર મારેલ અને થોડીવારમાં આરોપીઓ તથા અન્ય કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક ફરીયાદીના ખેતરમાં ગેરકાયદેસર અપ્રવેશ કરી ફરીયાદી તથા તેના બન્ને દિકરાઓને ભુંડી ગાળો કાઢી કુહાડીની મુદરાટ તથા પાવડાનાં હાથા તથા લાકડીઓ વતી શરીરે મુંઢ ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાને મદદગારી કરી મે. જીલ્લા મેજીસ્ટ્રેર સાહેબના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી ઈ. પી. કો. કલમ–૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૪૭, ૧૧૪ તથા જી.પી.એ. કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૦૭)** ઉપરોકત મુદદા પરત્વેના મારા નિર્ણયો નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**–:: <u>કારણો</u> ::–**

**<u>મુદા નંબર ૧ :–</u>**

**(૦૮)** ફરીયાદ પક્ષે આરોપીઓ સામે ઈ. પી. કો. કલમ–૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૪૭, ૧૧૪ તથા જી.પી.એ. કલમ–૧૩૫ મુજબનું તહોમત મુકેલ છે. ક્રિમીનલ જયુરીસ્પુડન્ટના સિધ્ધાંત મુજબ ફરીયાદ પુરવાર કરવાનો સદંતર બોજો ફરીયાદ પક્ષનો હોય છે. હાલના કેસમાં પડેલ પુરાવાનું

વિશ્લેષણ કરતા પહેલા કેસમાં પડેલ નિર્વિવાદીત હકીકતો ધ્યાને લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

નિર્વિવાદીત હકીકતો :–

(૧) ફરીયાદ બે દિવસ મોડી છે.

(૨) ફરીયાદમાં ફરીયાદીએ એક અજાણ્યો ઇસમ આવેલ તેવું જણાવેલ છે. જયારે કે ડોકટર રૂબરૂની હિસ્ટ્રીમાં ૩ અજાણ્યા ઇસમો આવેલા તેવું જણાવેલ છે. (આંક–૨૪ અને આંક–૫૪)

(૩) ઈજા પામનાર સાહેદ હાર્દિકભાઇ હરસુખભાઇ પોતાના પુરાવામાં આરોપી રાજુ રબારી ઢોર ચારતો હોય અને તેનો ભાઇ યાજ્ઞીકે મોબાઇલમાં ફોટા પાડેલ હોય જે રાજુ રબારીએ ડીલીટ કરવા કહેતા બનાવ બનેલ તેવું જણાવેલ છે. (આંક–૪૮)

(૪) ફરીયાદીને આરોપી સાથે બનાવના બે દિવસ પહેલા બોલાચાલી થયેલી. (આંક–૨૩)

ઉપરોકત નિર્વિવાદીત હકીકતો લક્ષમાં લઈને કેસમાં પડેલ પુરાવાનું વિશ્લેષણ કરવું ન્યાયોચીત છે પણ પુરાવાનું વિશ્લેષણ કરતા પહેલા ફરીયાદ મોડી હોય તે અંગે **Hon'ble SC એ Thalia Kali V/s. State of Tamilnadu, [1972 (0) AIJEL-SC-31979] ના** કેસમાં પેરા–૧૨ માર્ગદર્શન પુરૂ પાડેલ છે. જે નીચે મુજબ છે.

12. **It is in the evidence of Valanjiaraju that the house of Muthuswami is at a distance of three furlongs from the village of Valanjiaraju. Police station Valavanthi is also at a distance of three furlongs from the house of Muthuswami. Assuming that Muthuswami PW was not found at his house till 10.30 p.m. on March 12, 1970 by Valanjiaraju, it is not clear as to why no report was lodged by Valanjiarju at the police station. It is in our opinion, most difficult to believe that even though the accused had been seen at 2 p. m. committing the murder of Madhandi deceased and a large number of villagers had been told**

**about it soon thereafter, no report about the occurrence could be lodged till the following day. The police station was less than two miles from the village of Valanjiaraju and Kopia and their failure to make a report to the police till the following day would tend to show that none of them had witnessed the occurrence. It seems likely, as has been stated on behalf of the accused, that the villagers came to know of the death of Madhandi deceased on the evening of March 12, 1970. They did not then know about the actual assailant of the deceased, and on the following day, their suspicion fell on the accused and accordingly they involved him in this case. First information report in a criminal case is an extremely vital and valuable piece of evidence for the purpose of corroborating the oral evidence adduced at the trial. The importance of the above report can hardly be overestimated from the standpoint of the accused. The object of insisting upon prompt lodging of the report to the police in respect of commission of an offence is to obtain early information regarding the circumstances in which the crime was committed, the names of the actual culprits and the part played by them as well as the names of eye witnesses present at the scene of occurrence. Delay in lodging the first information report quite often results in embellishment which is a creature of afterthought. On account of delay the report not only gets bereft of the advantage of spontaneity danger creeps in of the introduction of coloured version, exaggerated account or concocted story as a result of deliberation and consultation. It is, therefore, essential that the delay in the lodging of the first information report should be satisfactorily explained. In the present case Kopia daughter-in-law of Madhandi deceased according to the prosecution case, was present when the accused made murderous assault on the deceased. Valanjiaraju, step-son of the deceased, is also alleged to have arrived near the scene of occurrence on being told by Kopia. Neither of them, nor any other villager, who is stated to have been told about the occurrence by Valenjiaraju and Kopia, made any report at the police station for more than 20 hours after the occurrence, even though the police station is only two miles from the place of occurrence. The said circumstance in our opinion would raise considerably doubt regarding the veracity of the evidence of those two witnesses and point to an infirmity in that evidence as would render it unsafe to base the conviction of the accused-appellant upon it.**

(૦૯) આમ, ફરીયાદ મોડી હોય તો પુરાવાનું વિશ્લેષણ નામદાર સુપ્રિમ કોર્ટના ઉપરોકત ચુકાદામાં કરેલ અવલોકન મુજબ કરવાનું રહે છે. હવે જો ફરીયાદી કે જે ઈજા પામનાર છે તેમનો પુરાવો ધ્યાને લઈએ તો ફરીયાદ પક્ષે ફરીયાદીને આંક-૨૩ થી તપાસેલ છે. તેમનો પુરાવો નીચે મુજબ છે.

બનાવ બે વર્ષ પહેલા બનેલો. બનાવ સવારના સાડા નવથી દેશના ગાળામાં બનેલો. બનાવ વાડીએ બનેલો હતો. બનાવના બે દિવસ પહેલા

મારે બોલાચાલી થયેલી. બોલાચાલી ગગુભાઈ અને ખીમભાઈની સાથે થયેલી. વાડીએ આવશો તો હવે તમને કુવામાં નાખી દઈશ તેવી ધમકી આપેલી. બે દિવસ પછી અમે વાડીએ ગયા ત્યારે અમોને મારેલા. એના છોકરા ભેંસો અમારી વાડીમાં ચારતા હતા જેથી મારા છોકરાએ તેઓને ના પાડેલી. પછી આરોપીઓ મો.સા. પર આવી અમારી ઉપર હુમલો કરી દીધેલો. ગગુભાઈ તથા ખીમભાઈ તથા ખીમભાઈનો છોકરો રાજુ જે બોળકા ગામના છે. પછી મને અને મારા છોકરાને મારેલ. એક બે વખત બુમો પાડેલી પણ કોઈએ સાંભળેલ નહી. મને ખીમભાઈએ કુહાડી મારેલી અને ઢોર ચારવાની મોટી લાકડીઓ મારેલી. ગગુભાઈએ અને તેનો છોકરો અને તેનો સાથીદાર મને પાછળથી પકડી લીધેલ અને ડાબા પગમાં વધારે મારેલ અને જમણા પગમાં લોહી નીકળતુ હતુ કુહાડી મારેલી અને માથામાં મારેલુ તેમાંથી લોહી નીકળતુ હતુ. દવા આરોગ્ય કેન્દ્રમાં ચાલુ છે. મારા છોકરા યાજ્ઞીક અને હાર્દિકને પણ મારેલ. પછી અમે વંથલી સરકારી દવાખાને ગયેલા. ત્યાંથી પોલીસ સ્ટેશને ગયેલા. અમે ત્રણેયને ઈન્જેકશન આપેલા. પછી જુનાગઢ સીવીલ હોસ્પીટલમાં તથા થાણાપીપળીમાં પણ સારવાર લીધેલી. મેં આરોપીઓ વિરુધ્ધ ફરીયાદ દાખલ કરેલી. આરોપીઓ હાજર હોય તો હુ ઓળખી શકુ. આજરોજ નામ. કોર્ટમાં હાજર નથી. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં ફરીયાદી તરીકે મારી સહી છે જે હું ઓળખું છું. જે રજુ દા. આંક ૨૪. બનાવ બાબતે પોલીસે મારી પૂછપરછ કરેલી. તેમાં આરોપીઓના બેનનો છોકરો થતો હતો તેનો કેસ બાળ અદાલતમાં ચાલતો હોવા બાબતે પુછપરછ કરેલી.

(૯.૧) બચાવ પક્ષ દવારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં ફરીયાદી એ વાત કબુલ રાખે છે કે, બનાવ બન્યાના ચાર પાંચ દિવસ પછી ફરીયાદ દાખલ કરેલી હતી.

(૯.૨) હવે ફરીયાદીના પુરાવાનું વિશ્લેષણ કર્યે તો ફરીયાદ મોડી છે. જેનું કોઈ કારણ જણાવેલ નથી. વધુ ફરીયાદીના પુરાવા મુજબ ગગુભાઈ અને તેનો છોકરો એક જ સાથીદાર/અજાણ્યો ઈસમ બનાવના સ્થળે આવેલ હતા. જયારે કે

ફરીયાદીએ આપેલ ડોકટર રૂબરૂની હીસ્ટ્રી જોતાં ત્રણ અજાણ્યા ઈસમો બનાવના સ્થળે આવેલ હતા. આમ આરોપીની સંખ્યામાં સ્પષ્ટપણે વિરોધાભાસ છે. તેથી ફરીયાદ મોડી હોવાના કારણોસર બનાવ અંગે શંકા જાય છે અને ફરીયાદ ઉપજાવી કાઢેલ (after thought) હોવાનું માનવાને કારણ છે. ડો. તુષારભાઇ જેઠવાના આંક–૫૩ ના પુરાવા તેમજ આંક–૫૪ નાં મેડીકલ સર્ટી.માં આરોપી ગગુભાઇ તથા ખીમભાઇ તેમજ રાજુભાઇ અને અન્ય ત્રણ અજાણ્યા શખ્સોએ કુહાડી, લાકડી તેમજ પાવડાના હાથા વડે માર મારેલાનું ફલીત થાય છે. જયારે કે આંક–૨૪ ની ફરીયાદ તથા ફરીયાદીના આંક–૨૩ ના પુરાવામાં આરોપીઓ માત્ર ગગુભાઇ તથા ખીમભાઇ અને રાજુભાઇ તથા એક અજાણ્યો ઈસમ હતો. આમ, આરોપીની સંખ્યામાં તફાવત હોવાના કારણે તથા ફરીયાદ મોડી હોવાના કારણે ફરીયાદીનો પુરાવો વિશ્વાસપાત્ર બનતો નથી. ફરીયાદીના આંક–૨૩ ના પુરાવા મુજબ બનાવના બે દિવસ પહેલા ફરીયાદીને આરોપી ગગુભાઇ તથા ખીમભાઇ સાથે બોલાચાલી થયેલ હતી. આમ, ફરીયાદ મોડી હોય તથા આરોપીની સંખ્યામાં (ફરીયાદ આંક–૨૪ તથા મેડીકલ હીસ્ટ્રી. આંક–૫૪) માં તફાવત આવતો હોય ત્યારે ફરીયાદીનો પુરાવો વિશ્વાસ કેળવનાર માની શકાય નહી.

આંક–૨૪ ની ફરીયાદ ધ્યાને લઈએ તો બનાવ સમયે ઈશાકભાઇ હોલેપાત્રા તથા પંકજભાઇ કાચાએ વચ્ચે પડીને બચાવેલા હતા જયારે કે તેમના આંક–૨૩ ના પુરાવામાં ઈશાકભાઇ તથા પંકજભાઇએ આરોપીના મારમાથી બચાવેલા હોય તેવો લેશમાત્ર ઉલ્લેખ નથી. આમ, ફરીયાદીની આંક–૨૪ ની ફરીયાદ તથા આંક–૨૩ ના પુરાવામાં તેમજ મેડીકલ હિસ્ટ્રી (આંક–૫૪) માં આરોપીની સંખ્યા અંગે તફાવત હોય તથા ઈશાકભાઇ અને પંકજભાઇએ તેમને બચાવેલ હોય તે અંગે પણ તફાવત હોય ત્યારે ફરીયાદ મોડી હોવાના કારણોસર

ઉભી કરેલ હોવાનું માનવાને કારણ છે તેથી ફરીયાદીનો પુરાવો વિશ્વાસ કેળવનાર માની શકાય નહી.

(૧૦) ફરીયાદ પક્ષે બીજા ઈજા પામનાર સાહેદ યાજ્ઞીક હરસુખભાઈને આંક–૪૧ થી તપાસેલા છે. તેઓ ફરીયાદને અનુરૂપ પુરાવો આપે છે. પણ આ તબકકે જો તેમના ભાઈ જે બીજા ઈજા પામનાર છે એટલે કે હાર્દિકભાઈ હરસુખભાઈનો આંક–૪૮ નો પુરાવો ધ્યાને લઈએ તો યાજ્ઞીક હરસુખભાઈ મોબાઈલમાં ફોટા પાડતા હોય અને આરોપી રાજુભાઈ રબારીએ તેને ફોટા ડીલીટ કરવા કહેલું હોય તેવું ફલીત થતું નથી. આમ, બન્ને ઈજા પામનારના પુરાવામાં વિરોધાભાસ સ્પષ્ટ ફલીત થાય છે. બન્ને ઈજા પામનાર ફરીયાદીના દિકરા છે તેથી ફરીયાદમાં હીત ધરાવનાર સાહેદ માની શકાય. જો હાર્દિકભાઈ હરસુખભાઈનો આંક–૪૮ નો પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેમના પિતા એટલે કે ફરીયાદી ઈશાકભાઈ ગામેતી સાથે વાત કરતા હતા અને તે સમયે આરોપીઓ આવેલ હતા અને બનાવ બનેલ હતો. પણ ફરીયાદી હરસુખભાઈ તથા તેમના દિકરા યાજ્ઞીકભાઈનાં આંક–૨૩ તથા આંક–૪૧ ના પુરાવામાં ઈશાકભાઈ ગામેતી બનાવના સ્થળે હાજર હતા તેવું લેશમાત્ર ફલીત થતું નથી. આમ, ફરીયાદી હરસુખભાઈ કાચા તથા તેમના દિકરા યાજ્ઞીક હરસુખભાઈ અને હાર્દિકભાઈ હરસુખભાઈના આંક–૨૩ તથા આંક–૪૧ અને આંક–૪૮ ના પુરાવામાં ઈશાકભાઈ ગામેતીની હાજરી અંગે તફાવત હોય તથા આરોપી રાજુભાઈ રબારી ઢોર ચારતા હોય ત્યારે યાજ્ઞીક હરસુખભાઈ મોબાઈલમાં ફોટા પાડતા હોય તે અંગે ત્રણ ત્રણ સાહેદોના પુરાવામાં તફાવત હોય તેમજ ફરીયાદ બે દિવસ મોડી હોય ત્યારે આ ઈજા પામનાર સાહેદોનો પુરાવો પણ હીત ધરાવનાર સાહેદો હોવાના કારણોસર વિશ્વાસ કેળવનાર પુરાવો માની શકાય નહી. જો આ તબકકે યાજ્ઞીક

હરસુખભાઇ તથા હાર્દિકભાઇએ આપેલ મેડીકલ હીસ્ટ્રી ચકાસવામાં આવે તો બન્ને ઈજા પામનાર સાહેદો ડોકટર રૂબરૂની મેડીકલ હીસ્ટ્રીમાં હાલના આરોપીઓ તથા ત્રણ અજાણ્યા સખ્શો દવારા કુહાડી અને પાવડા વડે માર મારતા ઈજા થયેલ છે તેવું જણાવેલ છે. જયારે કે આંક–૨૩ ના ફરીયાદી તથા આંક–૪૧ ના અને આંક–૪૮ ના પુરાવામાં એક જ ઈજાણ્યો શખ્સ /ઈસમ હતો તેવું ફલીત થાય છે. આમ, ઈજા પામનાર હાર્દિક હરસુખભાઇ તથા યાજ્ઞીક હરસુખભાઇના પુરાવામાં તેમજ તેમણે આપેલ ડોકટર રૂબરૂની હીસ્ટ્રી આરોપી સંખ્યા અંગે તફાવત સ્પષ્ટ ફલીત થતો હોય અને આ બન્ને ઈજા પામનાર ફરીયાદીના પુત્ર હોય ફરીયાદમાં હીત ધરાવનાર સાહેદો હોય તેમનો પુરાવો વિશ્વાસ કેળવનાર બનતો નથી.

**(૧૧)** ફરીયાદ પક્ષે ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદને બચાવવા માટે આવેલ પંકજભાઇ મનસુખભાઇ કાચા તથા ઈશાકભાઇ સુલેમાનભાઇ હોલેપાત્રાને આંક–૫૮ તથા આંક–૫૯ થી તપાસેલ છે. આ બન્ને સાહેદો બનાવને સમર્થન આપતા નથી અને ફરીયાદ પક્ષે તેમને વિમુખ જાહેર કરેલ છે. બન્ને સાહેદોની ફરીયાદ પક્ષ દવારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં પણ કાઈ ફળદાયક હકીકત ફલીત થતી નથી. આમ, ફરીયાદ બે દિવસ મોડી હોય તથા ફરીયાદી તેમજ ઈજા પામનાર સાહદોના પુરાવામાં તેમજ મેડીકલ ઓફીસર રૂબરૂની હીસ્ટ્રીમાં આરોપીની સંખ્યા અંગે તફાવત હોય તથા ફરીયાદ મુજબ બચાવનાર સાહેદ ઈશાકભાઇ સુલેમાનભાઇ તથા પંકજભાઇ કાચા પણ બનાવને સમર્થન આપતા ન હોય ત્યારે આરોપી સામે ઇ. પી. કો. કલમ–૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૪૭, ૧૧૪ તથા જી.પી.એ. કલમ–૧૩૫ મુજબનો ગુન્હો પુરવાર માની શકાય નહી.

**(૧૨)** ફરીયાદ પક્ષે પંચ સાહેદ જેસીંગભાઇ દાનાભાઇ મકવાણાને આંક–ર૯ તથા પંચ સાહેદ જેન્તીભાઇ પાલાભાઇ મકવાણાને આંક–૩૪ થી ગુન્હાવાળી જગ્યાનાં પંચનામા આંક–૩૦ ને પુરવાર કરવા તપાસેલા છે. આ બન્ને પંચ સાહેદો બનાવવાળી જગ્યાનાં પંચનામાને સમર્થન આપતા નથી અને આંક–૩૦ વાળા પંચનામામાં માત્ર તેમની સહી / અંગુઠો ઓળખી બતાવે છે.

**(૧૩)** ફરીયાદ પક્ષે અટક પંચનામા (આંક–પ૧) ના પંચ સાહેદ વિજયભાઇ ભનુભાઇ ભારાઇને આંક–પ૦ તથા ગોરધનભાઇ મોહનભાઇ જાદવને આંક–પર થી તપાસેલા છે. તેઓ પણ અટક પંચનામાને સમર્થન આપતા નથી અને આંક–પ૧ ના પંચનામામાં સહી /અંગુઠો ઓળખી બતાવે છે. તે મુજબ પંચનામા આંક–૩૦ અને આંક–પ૧ માત્ર સહી પુરતા એવીડન્સ એકટની કલમ–૬૭ મુજબ પુરવાર થાય છે.

**(૧૪)** ફરીયાદ પક્ષે ત.ક.અ. એસ. ડી. સોંદરવાને આંક–પ૯ થી તપાસેલા છે. તેઓ પોતે કરેલ તપાસ અંગે પુરાવો આપે છે પણ જયારે ફરીયાદ બે દિવસ મોડી હોય તથા આરોપીની સંખ્યામાં ફરીયાદી તેમજ ઇજા પામનારના પુરાવામાં તથા મેડીકલ ઓફીસરની હીસ્ટ્રીમાં તફાવત હોય ત્યારે આઇ. ઓ. ના પુરાવાથી આરોપી સામેનો ગુન્હો પુરવાર માની શકાય નહી.

**(૧૫)** હાલના કેસમાં આરોપીની સંખ્યામાં ફરીયાદ તથા ફરીયાદીના તેમજ ઇજા પામનાર અને મેડીકલ ઓફીસર રૂબરૂની હીસ્ટ્રીમાં તફાવત આવતોહોય તેમજ બનાવ સ્થળથી બચાવનાર સાહેદ ઇશાકભાઇ સુલેમાનભાઇ તથા પંકજભાઇ કાચા પણ બનાવને સમર્થન આપતા ન હોય તથા ફરીયાદ બે દિવસ મોડી હોય જે અંગે કોઇ ખુલાસો રજુ ન હોય ત્યારે **Hon'ble SC નાં**

**Thalia Kali V/s. State of Tamilnadu, [1972 (0) AIJEL-SC-31979] ના** ચુકાદા મુજબ મોડી ફરીયાદ હોવાના કારણોસર તથા પુરાવામાં આરોપીની સંખ્યામાં વિરોધાભાસ હોવાના કારણોસર આરોપી સામેનો ઇ. પી. કો. કલમ–૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૪૭, ૧૧૪ તથા જી.પી.એ. કલમ–૧૩૫ મુજબનો ગુન્હો પુરવાર માની શકાય નહી. તેથી મુદા નં.–૧ નો જવાબ નકારમાં આપી મુદા નં.–૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

**(૧)** હાલના આરોપીઓ (૧) લખમણભાઇ ઉર્ફે ગગુભાઇ કાનાભાઇ ભારાઇ (૨) ખીમભાઇ કાનાભાઇ ભારાઇ તથા (૩) રવી ઉર્ફે રાજુ લખમણભાઇ ઉર્ફે ગગુભાઇ ભારાઇનાઓને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઇ. પી. કો. કલમ–૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૪૭, ૧૧૪ તથા જી.પી.એ. કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** અપીલ સમય વિત્યેથી મુદામાલનો નાશ કરવો.

**(૩)** હાલના આરોપીઓએ અપીલ સમય સુધીના રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપીયા દશ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ રોજ તા.૩૦ મી માહે મે સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

વંથલી.
તા.૩૦/૦૫/૨૦૨૬.

**(એલ. આઇ. ઇંગલે)**
**એડી. ચીફ જ્યુડી. મેજી., વંથલી.**
**કોડ નં.જીજે૦૧૩૭૨.**